GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

# શિક્ષણમાં એક્શન રિસર્ચ: શિક્ષક માટે આત્મપરીક્ષણનો માર્ગ

પ્રોફેસર આચાર્ય સેજલ મુકુન્દરાય

સૂરજબા કોલેજ ઓફ એજ્યુકેશન, કડી

## પરિચય

શિક્ષણ એ માત્ર જ્ઞાન આપવાની પ્રક્રિયા નથી, પરંતુ શીખવતા શીખવાની સતત પ્રક્રિયા છે. આજે વિશ્વે અને ભારતમાં શિક્ષણ ક્ષેત્રે જે પરિવર્તનો આવી રહ્યા છે, તે સમય સાથે આગળ વધતા રહેવા માટે સતત સંશોધન જરૂરી છે. સંશોધનના અભાવમાં શિક્ષણ ગુણવત્તામાં ઘટાડો આવી શકે છે, જ્યારે કાર્ય પર આધારિત સંશોધન શિક્ષણને પ્રભાવી અને વ્યવહારુ બનાવે છે. આ સંદર્ભમાં એક્શન રિસર્ચ શિક્ષકો માટે એક શક્તિશાળી સાધન બની રહ્યું છે, જે તેમને પોતાના અભ્યાસને મૂલ્યાંકિત અને સુધારવા માટે માર્ગદર્શન આપે છે.

## એક્શન રિસર્ચનો ઐતિહાસિક પરિચય

એક્શન રિસર્ચનો ઉદભવ 1940–50ના દાયકામાં Kurt Lewin દ્વારા થયો હતો. વિશ્વભરમાં, શિક્ષણ ક્ષેત્રે આ પદ્ધતિને ઝડપથી અપનાવવામાં આવ્યું છે. ભારતીય સંદર્ભમાં, શિક્ષકો દ્વારા વર્ગખંડની સમસ્યાઓને ઓળખવા, ઉકેલ શોધવા અને પ્રયોગાત્મક સુધારા કરવા માટે આ પદ્ધતિ મહત્વપૂર્ણ સાબિત થઈ છે.

## એક્શન રિસર્ચનો અર્થ અને સ્વરૂપ

એક્શન રિસર્ચ એ એવી પદ્ધતિ છે જેમાં શિક્ષક પોતાના વર્ગખંડમાં આવતી શૈક્ષણિક સમસ્યાઓનું નિરીક્ષણ કરે છે, કારણો શોધે છે, ઉકેલો અજમાવે છે અને પરિણામોનું મૂલ્યાંકન કરે છે.

સરળ શબ્દોમાં કહીએ તો "એક્શન રિસર્ચ એ શિક્ષક દ્વારા પોતાના કાર્ય પર આત્મપરીક્ષણ કરવાની પ્રક્રિયા છે."

## એક્શન રિસર્ચની પ્રક્રિયા

એક્શન રિસર્ચ સામાન્ય રીતે નીચેના તબક્કાઓમાં થાય છે:

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

**1. સમસ્યાની ઓળખ**

→ શિક્ષક વર્ગખંડમાં આવતી સમસ્યાઓનું નિરીક્ષણ કરે છે.

**2. યોજનાબંધ ઉકેલ**

→ સમસ્યાને ઉકેલવા માટે નવી પદ્ધતિઓ, પ્રવૃત્તિઓ અથવા અભિગમ અપનાવવામાં આવે છે.

**3. ક્રિયારૂપ અમલીકરણ**

→ તૈયાર કરેલી યોજના વર્ગખંડમાં અજમાવવામાં આવે છે.

**4. વિશ્લેષણ અને પ્રતિબિંબન**

→ પરિણામોનું મૂલ્યાંકન કરીને આગળ સુધારા માટે વિચાર કરવામાં આવે છે.

**5. શિક્ષક માટે મહત્વ**

→આત્મવિશ્લેષણની તક

→ પોતાના અભ્યાસ પર વિચાર કરવો.

→ વ્યવહારિક સુધારો

→ વર્ગખંડમાં તરત લાગુ પાડી શકાય તેવા ઉકેલો.

→વિદ્યાર્થીઓમાં સકારાત્મક ફેરફાર

→ શિક્ષણ ગુણવત્તા સુધારવા માટે.

→ વ્યવસાયિક વિકાસ

→ નવી શિક્ષણ પદ્ધતિઓ અજમાવવી.

→ સહયોગી અભ્યાસ

→અન્ય શિક્ષકો સાથે મળીને ઉકેલો શોધવા.

**6. ઉદાહરણો**

→અંગ્રેજી લખાણમાં ભૂલો

→Spelling Quiz, Word Games.

વિદ્યાર્થીઓનો ચર્ચામાં ઓછો ભાગ

→ Role Play, Group Discussion.

**7. NEP 2020 સાથે સંબંધ**

→ NEP 2020 શિક્ષકોને રિફ્લેક્ટિવ પ્રેક્ટિશનર તરીકે વિકસાવવાનું પ્રોત્સાહન આપે છે. એક્શન રિસર્ચ NEPના ધ્યેયો સાથે સુસંગત છે, કારણ કે તે શિક્ષકને સતત પોતાની પદ્ધતિઓ અને વિદ્યાર્થીઓના પરિણામોનું મૂલ્યાંકન કરવાની તક આપે છે.

**8. પડકારો અને ઉપાય→**

– સમયની અછત

→ નાની પાયાની પ્રયોગોથી શરૂઆત.

– માર્ગદર્શનનો અભાવ

→ શિક્ષક તાલીમ વર્ગો અને સેમિનાર.

– સંશોધન લેખનનો અનુભવ ન હોવો

→ સહયોગી શિક્ષક પ્રોજેક્ટ.

**9. નિષ્કર્ષ**

એક્શન રિસર્ચ શિક્ષક માટે આત્મપરીક્ષણનું દર્પણ છે. તે માત્ર શીખવતા શિક્ષકને નહીં, પરંતુ શીખતા શિક્ષક તરીકે વિકાસિત કરે છે. આ પદ્ધતિ શિક્ષણને વધુ માનવીય, જીવંત અને અસરકારક બનાવવામાં સહાયરૂપ છે.

**સંદર્ભ**

1. Kemmis, S., & McTaggart, R. (1988). The Action Research Planner. Deakin University.
2. NCTE. (2014). Curriculum Framework for Teacher Education. New Delhi.
3. Government of India. (2020). National Education Policy 2020. Ministry of Education.
4. Patel, J. B. (2019). Shikshan ma Sanshodhan Paddhati. Ahmedabad: B. S. Shah Prakashan.